ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
મંગળવાર ૩ માર્ચ, ૨૦૨૬

# આસપાસ ચોપાસ

આસપાસનાં પ્રદેશની સિધ્ધિ અને સમસ્યાની વાત...!




## ધર્મ, ભક્તિ અને ઉત્સવોથી ધબકતું આંકલાવ તાલુકાનું ગામ

# મુજકુવા

## મુજ વણજારાએ વસવાટ માટે નિર્માણ કરેલા કૂવાના કારણે “મુજકુવા” તરીકે ઓળખ પામી ગામ પ્રચલિત થયું છે




આંકલાવ તાલુકાના મુજકુવા ગામનો વસવાટ અંદાજે ચારસો કરતા વધુ વર્ષો અગાઉ થયો છે. વસવાટ સાથે ગામ ધીમે ધીમે વિકસતું થયું હોવાનું લોકચર્ચામાં જાણવા મળે છે. તત્કાલીન સમયનો સમાજ મુખ્યત્વે કુદરત પર આધારિત હતો. પાણી, જમીન અને માર્ગોની સુલભતા જ્યાં હોય ત્યાં વસાહતો ઊભી થતી હતી.લોકવાયકામાંથી મળતી જાણકારી મુજબ વણઝારા જ્ઞાતિના આસો, અંબા અને મુજ ત્રણેય ભાઈઓ વેપાર અને જીવનનિર્વાહ માટે વિવિધ વિસ્તારોમાં ફરતા હતા. પ્રવાસ દરમિયાન મુજ નામના ભાઈને આ વિસ્તાર અનુકૂળ લાગ્યો હતો. આજુબાજુ ખુલ્લો વગડો અને ખેતી યોગ્ય જમીન અને સ્થાયી વસવાટ માટે યોગ્ય પરિસ્થિતિઓ જોઈને આ સ્થાન પર રહેવાનું નક્કી કર્યું હતું. સ્થાન પર વસવાટ કરતા લોકો માટે પાણી સૌથી મોટી જરૂરિયાત હતી. કહેવાય છે કે મુજએ વસવાટ શરૂ કરતા જ ઓછા સમયમાં કૂવાનું નિર્માણ કરાવ્યું હતું. આ કૂવાના કારણે જ આ વિસ્તાર “મુજકુવા” તરીકે ઓળખાયો અને નામ પ્રચલિત થયું છે. વડીલો કહે છે કે આસો, અંબા અને મુજ આ ત્રણેયના પ્રયત્નોથી ધીમે ધીમે અન્ય કુટુંબો પણ અહીં વસવા લાગ્યા હતા. નવા ઘરો, ખેતીના ખેતરો અને સામૂહિક પ્રવૃત્તિઓથી ગામ અસ્તિત્વમાં આવ્યું હતું. મુજકુવા ગામની સ્થાપનાની કથા માત્ર એક સ્થળના નામની નથી, પરંતુ પ્રાચીન કાળના લોકોના જીવનવિચાર, સંઘર્ષ, સહકાર અને કુદરત સાથેના ગાઢ સંબંધની જીવંતતા સમાન છે.

મુજકુવા ગામ શાંત, સ્વચ્છ અને પરંપરાગત ગ્રામ્ય જીવનશૈલી ધરાવતું ગામ છે. આ ગામ આસોદર ચોકડીથી ઉમેટા તરફ જવાના મુખ્ય માર્ગથી અંદાજે બે કિલોમીટર દૂર સ્થિત છે. જિલ્લા મથક આણંદથી લગભગ 30 કિલોમીટર અને તાલુકા મથક આંકલાવથી માત્ર 5 કિલોમીટર જેટલું અંતર હોવાથી ગામનું ભૌગોલિક સ્થાન સુલભ અને અનુકૂળ ગણાય છે.

મુજકુવા ગામની વસતીમાં મુખ્યત્વે ક્ષત્રિય સમાજના લોકોનો બહોળો સમાવેશ થાય છે. તે સાથે પટેલ, બ્રાહ્મણ, પ્રજાપતિ, વાળંદ, વણકર સહિત વિવિધ સમાજના લોકો પરસ્પર હળીમળી સૌહાર્દપૂર્વક જીવન વિતાવે છે. વિવિધ સમાજોની એકતા ગામના સામાજિક બંધારણને મજબૂત બનાવે છે અને ગામમાં સામૂહિક ભાવનાને ઉજાગર કરે છે. ગામના લોકોનો મુખ્ય વ્યવસાય ખેતી છે. મુજકુવાની જમીન ઉપજાઉ હોવાથી અહીં બાજરી, ઘઉં, ડાંગર કપાસ અને તમાકુ જેવા મુખ્ય પાકો લેવામાં આવે છે. તે ઉપરાંત ઋતુ અનુસાર વિવિધ પ્રકારના શાકભાજીનું ઉત્પાદન પણ થાય છે. ખેતી સાથે સંકળાયેલા ઘણા ગ્રામજનો ખેતમજૂરી કરીને પોતાનું જીવનનિર્વાહ કરે છે. ખેતી સિવાય પણ ગામમાં સુથારકામ, દરજીકામ, કડિયાકામ જેવા પરંપરાગત વ્યવસાયો કરનાર લોકો જોવા મળે છે. આ વ્યવસાયિક કુશળતા ગામની આર્થિક વ્યવસ્થાને પૂરક આધાર પૂરો પાડે છે અને રોજગારના વિકલ્પો ઊભા કરે છે.

મુજકુવા ગામમાં ગ્રામ પંચાયત દ્વારા મૂળભૂત સુવિધાઓ યોગ્ય રીતે ઉપલબ્ધ કરાવવામાં આવી છે. પીવાનું પાણી, વીજળી અને રસ્તાઓ જેવી જરૂરી સેવાઓ પૂરતી અને સારી સ્થિતિમાં મળી રહે છે. આ સુવિધાઓના કારણે ગામના લોકોનું દૈનિક જીવન સરળ બન્યું છે અને વિકાસની દિશામાં ગામ સતત આગળ વધી રહ્યું છે., મુજકુવા ગામ પરંપરા અને આધુનિકતાનો સુંદર સમન્વય ધરાવતું, ખેતીપ્રધાન અને સામાજિક એકતા ધરાવતું ગામ છે, જ્યાં સાદગીભર્યું ગ્રામ્ય જીવન આજે પણ જોવા મળે છે.

## રાજ્યમાં સૂર્ય ઊર્જાના પાઈલોટ પ્રોજેક્ટ દ્વારા વીજ બિલથી મુક્તિની સાથે કમાણીનો સ્ત્રોત મુજકુવાના ખેડૂતોએ મેળવ્યો



ઓર્ગેનિક મંડળીના 11 ખેડૂતોને કેન્દ્રીય મંત્રી લલનસિંહ દ્વારા પ્રમાણપત્ર સુપ્રત કરવામાં આવ્યા હતા

આંકલાવ તાલુકાના મુજકુવા ગામના 11 ખેડૂતોએ સૌર ઊર્જા સહકારી મંડળીના માધ્યમથી ખેતરોમાં સોલર પ્રોજેક્ટ સ્થાપીને ઉત્પાદિત સૂર્ય વીજળીથી સુવિધાજનક રીતે સિંચાઈ અને અન્ય કામો કરી રહ્યા છે. આ તમામ 11 ખેડૂતો વીજ કંપનીને વીજળીના નાણાં ચૂકવવાથી મુક્ત થયા છે. અને હવે વધારાની સૂર્ય ઊર્જા ગુજરાત વીજ કંપની MGVCLએ વેચીને તેઓ આવક માટેના એક નવા સ્ત્રોતનો ઉપયોગ કરી રહ્યા છે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ અમૂલ ડેરીના મોગર ખાતેના પ્લાન્ટ ઉદઘાટન માટે આયોજિત કાર્યક્રમમાં મુંજકુવા સૌર ઊર્જા સહકારી મંડળીનો ઈ-તકતીથી પ્રારંભ કરાવ્યો હતો. મુજકુવાના ખેડૂતો પોતાના ખેતરમાં સિંચાઈ બાદ વધારાની વીજળી વીજ કંપનીને પ્રવહન વ્યવસ્થામાં પ્રવાહિત કરીને એક નવું પ્રકરણ શરૂ કરેલું છે, આ ખેડૂતો હવે વીજ કંપનીના વીજ વપરાશકારને બદલે એનર્જી સપ્લાય બન્યા છે. મુજકુવા ગામના ખેડૂતો માટે આવકનો એક નવો સ્ત્રોત ઉપલબ્ધ થયેલ છે. તત્કાલીન સમયે વડાપ્રધાને સમગ્ર દેશમાં મુજકુવાના ખેડૂતોની પેટર્ન મુજબ સૂર્ય ઊર્જા આધારિત સિંચાઈ ખેતી અને પૂરક આવક ઉત્પન્ન કરવાનો નિર્ધાર વ્યક્ત કરી આહવાન કર્યું હતું. જેના ભાગરૂપે રાજ્યમાં બિનપરંપરાગત ક્ષેત્રે ઊર્જા વપરાશ વધારવા, ગ્રીન એનર્જીને ઉત્તેજન આપવા અને ખેડૂતોને જરૂરીયાત મુજબ વીજળી મળે તે માટે કેન્દ્ર સરકારની સુર્ય ઉર્જા ઉત્થાન મહાઅભિયાન ઉપરાંત રાજ્ય સરકાર દ્વારા પર્યાવરણને અનુરૂપ ખેડૂતલથી એવી સૂર્યશક્તિ કિસાન યોજના” (SKY યોજના) અમલી બનાવી છે. મુજકુવા પેટર્ન મુજબની યોજના દ્વારા રાજ્યના ખેડૂતો સૌર ઊર્જા ઉત્પાદિત કરી શકે છે. રાજ્યમાં પ્રથમ તબક્કે આ યોજના મુજકુવા ગામમાં પાયલોટ પ્રોજેક્ટ તરીકે અમલમાં મુકવામાં આવ્યો હતો.

### મુજકુવાના ખેડૂતોએ સોલાર ઉર્જામાં પણ સહકારી મંડળી બનાવી આવક ઉભી કરી

મુંજકુવાના અગ્રણી ખેડુતોએ જણાવ્યુ હતુ કે, તેમણે પોતાના ખેતરમાં સોલર પેનલ લગાવી છે. તેમની પાસે જેટલી જમીન છે. જેમાં સિંચાઇ માટે તેઓ સોલર ઉર્જાનો ઉપયોગ કરે છે. આ ઉપરાંત વધતી ઉર્જાને ગામમાં બનાવામાં આવેલા મીટર બોક્સમાં પહોંચાડે છે. આ મીટર બોક્સમાં ઘરમાં લગાવેલા સોલર પેનલની વધેલી ઉર્જા ભેગી કરીને વીજ કંપનીને વેચવામાં આવે છે. જેના પ્રતિ યુનિટ સવા ત્રણ રૂપિયા મંડળીને મળે છે. આમ દર મહિને તેમને આશરે સરેરાશ 6થી 7 હજારનું વળતર પણ મળે છે. સાથે સાથે તેમની પાસે રહેલ પશુના ઘાસચારા માટે સોલર પેનલ લગાવેલ જમીનમાં ઘાસ ઉગાડવામાં આવ્યું છે.

## મુજકુવા ટાઉન ટોક

### -: મુજકુવા ગામનો પરિચય :-

| | |
|---|---|
| ગામના કુંટુંબોની કુલ સંખ્યા | 1102 |
| કુલ વસ્તી | 5557 |
| કુલ પુરૂષો | 2890 |
| કુલ સ્ત્રીઓ | 2667 |

### -: સાક્ષરતા દર :-

| | |
|---|---|
| કુલ સાક્ષરતા દર | 80.99 |
| પુરૂષ સાક્ષરતા દર | 92.50 |
| સ્ત્રી સાક્ષરતા દર | 68.62 |

### -: ખેડૂતો :-

| | |
|---|---|
| ખેડૂતો | 423 |
| ખેત મજૂર | 1310 |
| સીમાંત વર્ગ | 345 |

### -: બીપીએલ :-

| | |
|---|---|
| બીપીએલ કુટુંબ (0 થી 16) | 154 |
| બીપીએલ કુટુંબ (17 થી 20) | 465 |

### -: પશુધન :-

| | |
|---|---|
| પશુધન | 2399 |
| ગાય | 374 |
| ભેંસ | 2015 |
| અન્ય | 10 |

### -: જમીન ક્ષેત્રફળ :-

356 હેક્ટર 33 આરે 84 ચો. મી.
કાયમી ગૌચર અને ચરણ 08 હેક્ટર 80 આરે 20 ચો.મી.

### -: ખેતીપાક :-

1. ડાંગર
2. તમાકુ
3. બાજરી
4. વિવિધ શાકભાજી

### -: શૈક્ષણિક સગવડ :-

| | |
|---|---|
| પ્રાથમિક શાળા | 06 |
| માધ્યમિક શાળા | 00 |
| ઉચ્ચ.માધ્ય. શાળા | 00 |
| વિદ્યાર્થીઓ | 685 |

### -: પીવાના પાણીની સવલત :-

| | |
|---|---|
| ઘરે ઘરે નળ કનેક્શનની સંખ્યા | 1100 |

### -: વીજળીકરણ :-

| | |
|---|---|
| રહેણાંક વીજ જોડાણ | 1550 |
| ઔદ્યોગિક વિષયક જોડાણ | 04 |
| ખેતી વિષયક જોડાણ | 50 |

### -: એલપીજી ગેસ વ્યવસ્થા :-

| | |
|---|---|
| એલપીજી ગેસ ધારકો | 800 |

### -: સામાજિક સુરક્ષાની વિગતો :-

| | |
|---|---|
| NFSA કાર્ડ ધારકો | 00 |
| BPL કાર્ડ ધારકો | 263 |
| અંત્યોદય કાર્ડ ધારકો | 75 |

### -: રસ્તાની સુવિધા :-

મેટલ રોડ, ડામર રોડ, અને સીમેન્ટ રોડ

### -: યોજનાકીય લાભાર્થીઓ :-

| | |
|---|---|
| વૃદ્ધા પેન્શન | 174 |
| વિધવા સહાય | 142 |
| આર્થિક લાભ મેળવેલ અપંગ વ્યક્તિો | 05 |